Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT,
ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Basic Health Check-up (જનરલ હેલ્થ ચેકઅપ)
Rs. 2000/- Rs. 700/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
યુરિન ચેકઅપ (Urine Test)
સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
કીડની તપાસ (Kidney Test) Creatinine
લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT
કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol)
સંધિવા તપાસ (Uric Acid)
થાઈરોઈડ તપાસ (Thyroid Test) TSH
છાતીની તપાસ (Chest X-Ray)
હૃદયની તપાસ (Cardiac Test) ECG
દાંતની તપાસ (Dental Checkups)
એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ માગશર વદ દશમ, રવિવાર ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૪૪

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# દિલ્હી ગેસ ચેમ્બર બન્યું: GRAP-4 નિયંત્રણો અમલી

**બપોરે** GRAP-3 નિયંત્રણો અમલી બનાવાયા, થોડા જ કલાકોમાં AQI બગડીને સિવિયર પ્લસની નજીક પહોંચતા સાંજે GRAP-4 નિયંત્રણો અમલમાં મૂકાયા

**બપોરે** ૪૩૧ પર નોંધાયેલો એક્યુઆઇ થોડા જ કલાકો પછી સાંજે ૪૪૧ થઇ ગયો, સ્થિતિ ઝડપથી બગડતી હોવાથી તાકીદે નિયંત્રણો કડક બનાવાયા

**પવનની** ધીમી ગતિ અને નીચલા સ્તરે ભેજવાળી ઠંડી હવાને કારણે પ્રદૂષક કણો ઝડપથી વિખેરાઇ શકતા નથી



**નવી દિલ્હી, તા. ૧૩:** દેશની રાજધાનીના શહેર દિલ્હીમાં હવાના પ્રદૂષણની સ્થિતિ ખૂબ જ બગડી ગઈ છે અને આજે શનિવારે એક જ દિવસમાં થોડા જ કલાકોના અંતરમાં બે પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. બપોરના સુમારે ગ્રેપ-૩ના નિયંત્રણો લાદવામાં આવ્યા બાદ થોડા જ કલાકોમાં સ્થિતિ વધુ બગડેલી જણાતા સાંજે ગ્રેપ-૪ નિયંત્રણો અમલી બનાવવામાં આવ્યા હતા. સવારે સિવિયરની કેટેગરીમાં પહોંચેલું પ્રદૂષણ સાંજે તો સિવિયર પ્લસ કેટેગરીની નજીકમાં પહોંચી ગયું હતું. પવનની ગતિ ખૂબ ધીમી હોવાથી અને શિયાળાના ધુમ્મસને કારણે હવા ગાઢી હોવાને કારણે પ્રદૂષક કણો ઝડપથી વિખેરાઈ શકતા નથી અને તેને કારણે દિલ્હીની હાલત ગેસ ચેમ્બર જેવી થઈ ગઈ છે જેમાં ભારે પ્રદૂષિત હવામાં લોકો જાણે ગુંગળાઈ રહ્યા છે.

GRAP-3 હેઠળ પ્રદૂષણના ધોરણો લાગુ થયાના કલાકો પછી, શનિવારે સાંજે દિલ્હી અને નજીકના વિસ્તારોમાં નિયંત્રણો વધુ કડક બનાવવામાં આવ્યા અને GRAP-4 લાગુ કરવામાં આવ્યા. દિલ્હી અને પડોશી રાજ્યોમાં પ્રદૂષણને પહોંચી વળવા માટે પગલાં લેવા માટે જવાબદાર કેન્દ્રીય સંસ્થા, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) દ્વારા GRAP 3 નિયંત્રણો લાદવામાં આવ્યા હતા, બપોરે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 400 ના આંકને પાર કરીને 'સિવિયર' શ્રેણીમાં પ્રવેશ્યા પછી આ નિયંત્રણો અમલી બનાવાયા હતા પરંતુ CAQM એ નોંધ્યું કે AQI, જે સાંજે 4 વાગ્યે 431 પર રેકોર્ડ કરવામાં આવ્યો હતો, તે વધતા વલણ દર્શાવે છે અને સાંજે 6 વાગ્યે 441 પર રહ્યો હતો જે સિવિયર પ્લસની નજીક સરકી રહ્યો હોવાનું જણાતા GRAP-4 નિયંત્રણો અમલી બનાવાયા હતા. GRAP હેઠળ, હવાની ગુણવત્તાને ચાર તબક્કામાં વર્ગીકૃત કરવામાં આવી છેઃ ખરાબ (AQI 201-300), ખૂબ જ ખરાબ (AQI 301-400), ગંભીર (AQI 401-450) અને

...અનુસંધાન પાના 11 પર

## બાંધકામ સંપૂર્ણ બંધ: જૂના એન્જિનવાળા વાહનો ચલાવવા પર પ્રતિબંધ

GRAP-4 લાગુ પડવાથી પણ તેની સાથે જ રાજધાની અને આસપાસના ઇલાકોમાં કડવા પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. દિલ્હી અને એનસીઆરમાં તમામ પ્રકારના નિર્માણ કાર્યો સંપૂર્ણ બંધ કરવાનો આદેશ અમલી બનશે. આ ઉપરાંત દિલ્હી અને તેની આજુબાજુના રાષ્ટ્રીય રાજધાની પ્રદેશમાં આવતા વિસ્તારોમાં BS-III પેટ્રોલ અને BS-IV ડીઝલ વાહનો ચલાવવા પર પ્રતિબંધ મૂકાયો છે. આ ઉપરાંત ધોરણ પાંચ સુધીના શાળાના વર્ગો હાલ હાઇબ્રિડ પદ્ધતિથી ચલાવાશે એટલે કે બાળકોને અમુક જ દિવસ શાળાએ બોલાવીને બાકીના સમય ઘરે ઓનલાઇન શિક્ષણ અપાશે.



● બ્રિટનમાં શિયાળો બરાબર જામવાની સાથે તોફાની હવામાનની ઘટનાઓ પણ શરૂ થઇ ગઇ છે જેમાં તાજેતરમાં દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ પડ્યો છે. ડેવોનમાં કોસ્ટલ રેલવે લાઇન નજીક તોફાની પવનને કારણે ઉછળી રહેલા મોજા તસવીરમાં જોઇ શકાય છે.

# દિલ્હીમાં 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડમાં વૃદ્ધ મહિલા સાથે રૂ. 1.16 કરોડની છેતરપિંડી

**ડરાવી**, ધમકાવીને રૂ. ૧.૧૬ કરોડ ટ્રાન્સફર કરવાની ફરજ પડાઇ

**ત્રણ** પકડાયા, એક જ બેંક ખાતા અંગે ૩૨ ફરીયાદો નોંધાઇ છે

**નવી દિલ્હી, તા. ૧૨ (પીટીઆઈ):** દિલ્હી પોલીસે સાયબર ફ્રોડ સિન્ડિકેટના ત્રણ કથિત સભ્યોની ધરપકડ કરી છે, જેમણે ૮૨ વર્ષીય મહિલાને ડિજિટલ અરેસ્ટ હેઠળ મૂકીને અને પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કરીને રૂ. ૧.૧૬ કરોડની છેતરપિંડી કરી હતી. એમ એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

પીડિત મહિલા દક્ષિણ દિલ્હીની રહેવાસી છે. તેનાં લગ્ન એક સરકારી કર્મચારી સાથે થયાં હતાં, જેનું મૃત્યુ થયું છે અને તેની એક પુત્રી વિદેશમાં રહે છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ) આદિત્ય ગૌતમે જણાવ્યું હતું કે, ''આરોપી ૨૫ એપ્રિલે કાયદા અમલીકરણ અધિકારીઓ તરીકે ઓળખ આપીને વૃદ્ધ મહિલાને ડરાવી-ધમકાવીને વીડિયો કોલ દરમિયાન તેને નકલી ધરપકડનો આદેશ બતાવ્યા બાદ કાયદેસર કાર્યવાહીની ધમકી હેઠળ વૃદ્ધ મહિલાને બેંકમાં જઈને આરટીજીએસ દ્વારા કુલ રૂ. ૧.૧૬ કરોડ ટ્રાન્સફર કરવાની ફરજ પાડવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, છેતરપિંડીની રકમનો મોટો ભાગ - લગભગ રૂ. ૧.૧૦ કરોડ - હિમાચલ પ્રદેશ સ્થિત એક એનજીઓના કરંન્ટ ખાતામાં જમા કરવામાં આવ્યો હતો. જોકે, આ ખાતું કથિત રીતે બિહારના પટણાની ઠગ ટોળકી દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ

...અનુસંધાન પાના 11 પર

# સંસદ પર હુમલાની વરસી નિમિત્તે શહીદોને જૂના સંસદભવનના પ્રાંગણમાં અંજલિ અપાઇ

**ઉપરાષ્ટ્રપતિની** આગેવાની હેઠળ સાંસદોએ ૨૦૦૧ના હુમલામાં સંસદનું રક્ષણ કરતા પ્રાણ આપનાર જવાનોને યાદ કર્યા

**રાષ્ટ્રપતિ** અને વડાપ્રધાને કહ્યું કે દેશ આ બહાદુર જવાનોનો ઋણી છે

**નવી દિલ્હી, ૧૩(પીટીઆઈ)** ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણનની આગેવાની હેઠળ શનિવારે સંસદસભ્યોએ ૨૦૦૧માં સંસદ ભવન પર હુમલો કરનારા આતંકવાદીઓનો સામનો કરતા મૃત્યુ પામેલા લોકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ હુમલાની ૨૪મી વર્ષગાંઠ પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યસભાના અધ્યક્ષ રાધાકૃષ્ણન, શ્રદ્ધાંજલિ આપનારા સૌપ્રથમ હતા. આ દિવસ નિમિત્તે દર ૧૩ ડિસેમ્બરે જૂના સંસદ ભવન (સંવિધાન સદન)ની બહાર એક સંક્ષિપ્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદનું રક્ષણ કરતી વખતે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર નાયકોને અલગથી શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે દેશ તેમના અને તેમના પરિવારોનો ઋણી છે. આ દિવસે, અમે આતંકવાદ સામે તેના તમામ સ્વરૂપો સામે લડવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ છીએ એમ મુર્મુએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. CISF જવાનોએ સ્થળ પર સલામી અથવા સમ્માન ગાર્ડ રજૂ કરી, ત્યારબાદ વર્ષગાંઠ નિમિત્તે મૌન પાળવામાં આવ્યું. ૨૦૨૩ સુધી, CRPF જવાનો 'સલામી શસ્ત્ર' અર્પણ કરતા હતા. કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમના બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા, જે પાર્ટીના

...અનુસંધાન પાના 11 પર



# કેરળમાં ભાજપે ઈતિહાસ રચ્યો, તિરુવનંતપુરમ મહાપાલિકા સીપીએમ પાસેથી આંચકી લીધી

**એનડીએને** ૧૦૧માંથી ૫૦ વોર્ડ મળ્યા, આ મહાનગરપાલિકા પર ડાબેરીઓના ૪૫ વર્ષના શાસનનો અંત

**તિરૂવનંતપુરમ** જિલ્લો કોંગ્રેસના શશી થરૂરનું ગૃહ ક્ષેત્ર છે

**તિરુવનંતપુરમ, તા. 13 :** ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ)એ કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટી જીત મેળવી છે, તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એકમાત્ર સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યું છે અને આ જીત સાથે આ નાગરિક સંસ્થા પર ડાબેરી લોકશાહી મોરચાના 45 વર્ષના શાસનનો અંત આવ્યો છે.

એનડીએએ કોર્પોરેશનના 101 વોર્ડમાંથી 50 વોર્ડ જીત્યા હતા, જ્યારે શાસક એલડીએફ 29 બેઠકો પર સમેટાઈ ગયો હતો. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)એ 19 બેઠકો મેળવી હતી, બે અપક્ષોને મળી હતી અને ગયા અઠવાડિયે એક ઉમેદવારના મૃત્યુ બાદ એક વોર્ડમાં મતદાન રદ કરવામાં આવ્યું હતું. આ પરિણામ શહેરના રાજકીય સંતુલનમાં સ્પષ્ટ પરિવર્તન દર્શાવે છે અને આગામી કોર્પોરેશન વહીવટ રચવા માટે એનડીએને મજબૂત સ્થિતિમાં મૂકે છે.

આ પરિણામ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, તિરુવનંતપુરમ જિલ્લો કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ શશિ થરૂરનું ગૃહક્ષેત્ર છે, જે રાજ્યની રાજધાનીમાં ભાજપની સફળતાના માપદંડને રેખાંકિત કરે છે.

શનિવારે પૂર્ણ થયેલી 2025ની કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

...અનુસંધાન પાના 11 પર

# પોર્ટુગલમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા મહેસાણાના દંપતિનું બાળકી સહિત લિબિયામાં અપહરણ

**લિબિયા** થઇને પોર્ટુગલ જવાના હતા, પણ અપહરણ થઇ ગયું, કુટુંબ પાસે રૂ. બે કરોડની ખંડણી માગવામાં આવી

**મહેસાણા, ૧૩:** રાજ્યના મહેસાણા જિલ્લાના પતિ-પત્ની અને તેમની ત્રણ વર્ષની પુત્રીને પોર્ટુગલમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતી વખતે લિબિયામાં કથિત રીતે ૨ કરોડ રૂપિયાની ખંડણી માટે બંધક બનાવવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

મહેસાણાના પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે કિસ્મતસિંહ ચાવડા, તેમની પત્ની હીનાબેન અને પુત્રી દેવાંશીનું ભૂમધ્ય સમુદ્રની સરહદે આવેલા આ ઉત્તર આફ્રિકન રાષ્ટ્રમાં અપહરણ કરવામાં આવ્યું હતું, જ્યાંથી તેઓ પોર્ટુગલ જઈ રહ્યા હતા. પોર્ટુગલમાં કિસ્મતસિંહનો ભાઈ રહે છે. મહેસાણા ડીએસપીએ જણાવ્યું કે જિલ્લાના બાદલપુરા ગામનો પરિવાર યુરોપિયન દેશમાં સ્થાયી થવાની યોજના સાથે પોર્ટુગલ સ્થિત એજન્ટની મદદથી મુસાફરી કરી રહ્યો હતો. પ્રવાસનો રૂટ જોતા આ દેખીતી રીતે ગેરકાયદે ઘૂસણખોરીનો પ્રયાસ જણાય છે. મહેસાણાના કલેક્ટર એસ.કે. પ્રજાપતિને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી.

પરિવાર ૨૯ નવેમ્બરના રોજ અમદાવાદથી દુબઈ જવા માટે ફ્લાઈટમાં ગયો હતો. ત્યાંથી, તેમને લિબિયાના બેનગાઝી શહેરમાં લઈ જવામાં આવ્યા હતા, ત્યાથી તેઓ પોર્ટુગલ જવાના હતા પણ તે પહેલા જ તેમનું અપહરણ કરી લેવાયું હતું. ચાવડાના ભાઈ પોર્ટુગલમાં સ્થાયી થયા છે, અને તે પોર્ટુગલ સ્થિત એક એજન્ટની મદદથી મુસાફરી કરી રહ્યો હતો. પરિવાર ત્યાં સ્થાયી થવાના ઈરાદાથી મુસાફરી કરી રહ્યો હતો, અને આ કેસમાં સામેલ એજન્ટો ભારતીય નથી એમ ડીએસપી સોલંકીએ જણાવ્યું છે. અધિકારીએ જણાવ્યું કે અપહરણકારોએ મહેસાણામાં પરિવારના સંબંધીઓનો સંપર્ક કર્યો છે અને ખંડણી તરીકે 2 કરોડ રૂપિયાની માંગણી કરી છે. કલેક્ટર પ્રજાપતિએ જણાવ્યું કે ચાવડાના પરિવારે શુક્રવારે તેમનો સંપર્ક કર્યો હતો, અને તેમણે રાજ્ય સરકાર અને વિદેશ મંત્રાલયને તેમના કેસ વિશે જાણ કરી છે.

તા. ૧૩-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૦.૪° સે. | ૧૨.૨° સે. | ૭૮% |

# ધુમ્મસને કારણે ગ્રેટર નોઇડા એક્સપ્રેસવે પર ડઝન વાહનો એકબીજાં સાથે ભટકાયા: અનેક ઘાયલ

**ગાઢ** ધુમ્મસને કારણે ખૂબ ઝાંખી દ્રશ્યક્ષમતાને કારણે બનાવ બન્યો

**વ્યસ્ત** હાઇવે પર લાંબો ટ્રાફિક જામ



નોઈડા, તા. 13: પોલીસે જણાવ્યું હતું કે, શુક્રવારે ગ્રેટર નોઈડામાં દાદરી નજીક ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પર ગાઢ ધુમ્મસને કારણે દશ્યતામાં ભારે ઘટાડો થયો હતો, જેના કારણે લગભગ એક ડઝન વાહનો એકબીજાં સાથે અથડાયાં હતાં.

દાદરી પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચક્રસૈનપુર ગામ નજીક આ અકસ્માત થયો હતો, જેના કારણે વ્યસ્ત હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓછી દશ્યતાવાળી સ્થિતિમાં ડ્રાઈવરોને પ્રતિક્રિયા આપવામાં મુશ્કેલી પડી રહી હતી અને વાહનો એકબીજાં સાથે અથડાયાં હતાં.

અકસ્માતમાં એક મહિલા સહિત ઘણા લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી અને તેઓ ખતરામાંથી બહાર હોવાનું જાણવા મળ્યું છે.

અથડામણ બાદ આ માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે ટોલ પ્લાઝા મેનેજમેન્ટની મદદથી ક્રેનનો ઉપયોગ કરીને ક્ષતિગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કર્યા હતા અને ધીમે ધીમે જામ દૂર કર્યો હતો.

ટ્રાફિકનું નિયમન કરવા અને સામાન્ય અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે પોલીસ કર્મચારીઓ સ્થળ પર રહ્યા હતા. વાહનચાલકોને સાવધાનીપૂર્વક વાહન ચલાવવા, સલામત અંતર જાળવવા અને ધુમ્મસવાળી સ્થિતિમાં ગતિ મર્યાદાનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન, ગૌતમ બુદ્ધ નગર ટ્રાફિક પોલીસે શિયાળા

...અનુસંધાન પાના 11 પર